ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૯ ટકા

# બોરીજને ટોરેન્ટ પાવર વીજળી આપતુ નથી

ગાંધીનગર, તા. ૨૨
ગાંધીનગરમાં ભેળવી દેવાયેલા બોરીજ ગામને વર્ષો વીતવા છતાં પ્રાથમિક સુવિધાઓ મળતી નથી. ટોરેન્ટ પાવર દ્વારા અહીંના નાગરીકોને વીજળી આપવામાં પણ આનાકાની કરવામાં આવતી હોવાની ફરીયાદ ઉઠવા પામી છે.

રાજ્યના પાટનગર તરીકે ગાંધીનગરની સ્થાપના થઈ તે સમયે સાબરમતી નદીના કિનારે વસેલા ઘણા ગામોને શહેરમાં ભેળવી દઈ તેની જમીન શહેર માટે સંપાદિત કરવામાં આવી હતી. અહીંના વસાહતીઓને શહેર જેવી સુવિધા આપવામાં આવશે તેવુ કહેવાયુ. બોરીજ ગામને શહેરમાં ભેળવી દેવાયુ તે વાતને ૫૬ વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી બોરીજ ગામ પ્રાથમિક સુવિધાઓથી પણ વંચિત રહ્યુ છે. ગટર અને પાણીની સુવિધાઓ મળતી નથી. આ ઉપરાંત ગામમાં સાફ-સફાઈના પ્રશ્નો હંમેશા રહ્યા છે. આવાસ યોજનાના લાભો પણ ગામને મળ્યા નથી. અન્ય પ્રશ્નો પ્રત્યે પણ તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવે છે.

બોરીજ વસાહત મંડળના પ્રમુખ ભરત દિક્ષિત દ્વારા કલેકટરશ્રીને રજૂઆત કરવામાં આવી છે કે તેઓ છેલ્લા ત્રણ વર્ષથી ટોરેન્ટ પાવરમાં વીજ જોડાણની અરજી કરી રહ્યાં છે પરંતુ ટોરેન્ટ ટોરેન્ટ પાવર દ્વારા જાતભાતના વાંધાઓ કાઢી તેઓને વીજ જોડાણ આપતુ નથી. વીજ જોડાણ મેળવવામાં તેઓના હકથી તેમને વંચિત રાખવામાં આવી રહ્યા છે. તેઓની અરજી મંજૂર કરી ઝડપથી વીજ જોડાણ આપવા માટે તેઓએ રજૂઆત કરી છે.





હિંદુ સંસ્કૃતિમાં વ્રત-પૂજાનું અનોખું મહત્વ રહેલું છે, પરિણિતા મહિલાઓ દ્વારા પોતાના પતિના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્ય માટે વટ સાવિત્રીનું વ્રત કરે છે. વટ સાવિત્રીના વ્રત અગાઉ તેને લગતો પુજાપો વેચાવા માટે બજારમાં આવી ગયો છે અને લારીઓમાં ગોઠવાયેલો જોવા મળી રહ્યો છે.

## હુક્કાબારના ધુમાડામાં ઈન્ફોસીટી ડી સ્ટાફનું વિસર્જન : તમામ કર્મચારીઓને જનરલ ડયુટી

ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગર નજીક કોબા સર્કલ પાસે સિલ્વર પોઈન્ટ કોમ્પ્લેક્ષના ભોંયરામાં ચાલતા હુક્કાબાર પર એસઓજી પોલીસ ત્રાટકી હતી. પોલીસે હુક્કાબાર ચલાવનાર અને ૧૧ નબીરા સહિત કુલ ૧૫ વ્યકિતની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે હુક્કાબાર પ્રકરણમાં ઈન્ફોસીટી પોલીસ મથકના ડી સ્ટાફની ગંભીર બેદરકારી સામે આવી હતી. જેને પગલે ઈન્ફોસીટી પીઆઈ પી.પી.વાઘેલાએ તમામ સ્ટાફના કર્મચારીઓને ખખડાવીને ડી સ્ટાફનું વિસર્જન કરી નાંખ્યું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ તાજેતરમાં એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર.બી.પરમાર અને ટીમના સભ્યો ઈન્ફોસીટી પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે એસઓજી પોલીસને બાતમી મળી હતી. જેને અનુલક્ષી એસઓજી પોલીસની ટીમ કોબા પાસે આવેલા સિલ્વર પોઈન્ટ કોમ્પ્લેક્ષના પાછળના ભાગે ભોંયરામાં ચાલી રહેલા હુક્કાબાર પર ત્રાટકતા હોહા મચી જવા પામી હતી. પોલીસે હુક્કાબાર ચલાવનાર સહિત ૧૧ નબીરાઓની ધરપકડ કરીને રૂ.૪૯ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઈન્ફોસીટી પોલીસ મથકની હદમાં કોબા નજીક સિલ્વર પોઈન્ટ કોમ્પ્લેક્ષના ભોંયરામાં છેલ્લા કેટલાક સમયથી ધમધમતા હુક્કાબાર પ્રકરણની જિલ્લા પોલીસ વડા દ્વારા પણ ગંભીર નોંધ લેવામાં આવી હતી. હુક્કાબાર કેસમાં ઈન્ફોસીટી ડી સ્ટાફની ગંભીર બેદરકારી સામે આવી હતી. જેને પગલે ઈન્ફોસીટી પોલીસ મથકના પીઆઈ પી.પી.વાઘેલાએ તાત્કાલીક ડી સ્ટાફનું વિસર્જન કરી તમામ કર્મચારીઓને જનરલ ડયુટી સોંપવામાં આવી છે.

## જન્મદિને વધામણી



પ્રવીણકુમાર એસ પટેલ
મો. ૯૮૨૪૩ ૨૩૩૬૧



કુમાર સ્વામી
મો. ૮૯૮૦૮ ૪૬૧૬૭



આર ડી ગાંધી
મો. ૯૯૨૪૧ ૨૩૧૬૪




અસફાક



કાળીદાસ જી નાયી
મો. ૯૧૦૪૩ ૪૫૨૬૦



રહીમ મન્સુરી



તન્વીર મુલતાની



રેખાબેન કામાણી



શ્રેય વિમલભાઈ પટેલ
મો. ૭૮૭૪૮ ૦૮૮૩૫



આદમ નવાબ

## મહારાષ્ટ્ર સમાજ ભવન ખાતે ૨૪મીએ વેકિસનેશન કેમ્પ

ગાંધીનગર
મહાનગરપાલિકા અને મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે મહારાષ્ટ્ર સમાજ ભવન, સે-૨૧ ગાંધીનગર ખાતે 'શ્રી સિધ્ધિ વિનાયક સભાગૃહ'માં તા. ૨૪-૬-૨૦૨૧ ગુરુવારના રોજ સવારે ૯.૩૦ કલાકેથી ગાંધીનગરના ૧૮ વર્ષથી વધુ વય ધરાવતા નાગરિકો માટે વહેલા તે પહેલાના ધોરણે કોવિડ વેકિસનેશનના ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેનો ગાંધીનગરની તમામ જાહેર જનતાએ લાભ લેવા વિનંતી છે.

## વાવોલમાં ટીફીન પહોંચાડતા વેપારી સાથે ઓનલાઈન રૂ.૨૨ હજારની છેતરપિંડી

ગાંધીનગર શહેરમાં ઓનલાઈન છેતરપિંડીના કિસ્સા વધુ જોવા મળી રહ્યા છે. ભેજાબાજ ઠગ સામેવાળા વ્યકિતનો વિશ્વાસ કેળવી બિછાવેલી માયજાળમાં ફસાવી ગણતરીની મીનીટોમાં એકાઉન્ટમાંથી રૂપીયા ચાઉં કરી જતા હોય છે. ત્યારે ગાંધીનગર શહેરમાં જમવા માટે ટીફીન પહોંચાડવાનો વેપાર કરતા વેપારી સાથે ઓનલાઈન રૂ.૨૨ હજારની છેતરપિંડી થઈ છે. શહેરમાં ફરી ફરીને ટીફીન આપીને પૈસા બચાવતા વેપારી ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનતા પોલીસ મથકે અરજી આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાવોલ વિસ્તારમાં પોતાના પરિવાર સાથે રહેતા અને ટીફીનનો વ્યવસાય કરતા વેપારીને એક ફોન આવ્યો હતો. આ ફોનમાં વેપારીને કોબા પાસે એક સાથે સવાર-સાંજ ૨૫ ટીફીન આપી જવાની વાત કરી હતી. તે ઉપરાંત ટીફીન અંગેના ભાવતાલ પણ નક્કી કર્યા હતા અને જમવામાં સવાર-સાંજ શું આવશે તેમ કહીને રોટલી વધુ મુકવા માટે પણ જણાવ્યું હતું. ત્યારબાદ ઠગે વેપારીને ઓનલાઈન રૂપીયા આપવાનું જણાવ્યું હતું. જેને પગલે વેપારીએ હા પાડી હતી, ત્યારબાદ વેપારીના એકાઉન્ટમાં પ્રારંભિક તબક્કે રૂ.૨૦ ઓનલાઈન જમા કરાવ્યા હતા. ત્યારપછી ઠગે વેપારીના ફોનમાં કોઈ કોડ મોકલતા વેપારીએ કોડ સ્કેન કરતા જ એકાઉન્ટમાંથી રૂ.૨૨ હજાર ઉપડી ગયા હતા. મહેનત મજુરી કરીને એક એક રૂપીયો બચાવતા વેપારીના રૂપીયા જતા રહેતા તે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. વેપારી ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનતા સાઈબર ક્રાઈમમાં અરજી આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર શહેરના સેકટર-૮ પ્લોટ નં. ૬૫૫-૨ ખાતે રહેતા આઈએએસ અધિકારી એમ.એસ.ડાંગુરના નિવાસ સ્થાને બપોરના સાડા ત્રણ વાગ્યાના અરસામાં મીટરબોક્ષ અચાનક સળગી ઉઠ્યું હતું. બનાવની જાણ ફાયર વિભાગને થતા તાત્કાલીક સ્ટાફના જવાનો સ્થળ પર પહોંચી ગયા હતા અને ગણતરની મિનીટોમાં આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે આગમાં મીટરબોક્ષ બળીને રાખ થઈ ગયું હતું.

# શારિરીક અને માનસિક શાંતિ આપતા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

●●●

**સેકટર-૨૨ શ્રેયસ સોસાયટી ગાર્ડન ખાતે યોગ દિવસની ઉજવણી**

આંતરરાષ્ટ્રીય યોગ દિવસના આ શુભદિવસે મહિલા પતંજલી



યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા સેકટર-૨૨ શ્રેયસ સોસાયટી ગાર્ડન ખાતે યોગ કાર્યક્રમનું આયોજન મહિલા પતંજલી યોગ સમિતિ સાથે જોડાયેલ ગીતાબેન જોબનપુત્રા, જાગૃતિબેન તથા સેકટર-૨૨ના યોગી બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માનસ યોગ સેવા ટ્રસ્ટના ડાયરેકટર તથા યોગાચાર્ય કાનજીભાઈ બાવરી અને કવિતાબેન બાવરીએ યોગ નિદર્શન કર્યુ હતું. કાર્યક્રમમાં એન્ટી કરપ્શન બ્યુરોના આસિસ્ટન્ટ કમિશનર આશુતોષ પરમાર, પૂર્વ મેયર રીટાબેન પટેલ સહિત નાગરિકો જોડાયા હતા.

●●●

**ગાંધીનગર હેડ પોસ્ટ ઓફીસ ખાતે યોગ દિવસની ઉજવણી**




૭મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ગાંધીનગર હેડ પોસ્ટ ઓફીસ, કલોલ હેડ પોસ્ટ ઓફિસ સહીત ગાંધીનગર ડિવીઝનની તમામ ૫૧૮ પોસ્ટ ઓફિસો ખાતે ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગર પોસ્ટલ સ્ટાફે યોગગુરુ સોનલ મહેતાના સાનિધ્યમાં વિવિધ પ્રકારના યોગાસન કર્યા હતા તથા દૈનિક જીવનમાં યોગાસનનું મહત્વ સમજી તેના અમલીકરણ માટે પ્રોત્સાહિત થયા હતા અને જાણકારી મેળવી હતી કોરોનામાં યોગનું મહત્વ કેટલું છે. આ પ્રસંગે યાદગીરી રૂપે એક પોસ્ટલ સ્ટેમ્પ ઉપર સોનલ મહેતા યોગ કોચ ના ફોટા સાથે નો ફોટો ફ્રેમ અર્પણ કરવામાં આવ્યો હતો.

●●●

**બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં વિશ્વ યોગ દિવસ ઉજવાયો**

સાતમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના દિવસે બાપુ ગુજરાત નોલેજ વિલેજની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી દ્વારા બાપુ ગુજરાત નોલેજ વિલેજની સમગ્ર કોલેજીસ જેવી કે ઈજનેરી, ફાર્મસી, નર્સિંગ, લૉ, અને સાયન્સ એન્ડ કોમર્સ ના સ્ટાફ માટે યોગા અને પ્રાણાયામનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ મહત્વ ના દિવસે ગુજરાત લો- યુનિવર્સિટીના પ્રોફેસર લેફ્ટનન્ટ ડો. સુગ્નેસ ચુડાસમાએ હાજર રહી જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૨૧ ના યોગ દિવસની થીમ (Yoga Day 2021 Theme)



'Yoga For Wellness' છે. યોગ પાસે દરેક સમસ્યાનું સમાધાન છે. યોગ ટ્રેસથી સ્ટ્રેંથ સુધી લઈ જાય છે. નેગેટિવિટીથી ક્રિએટિવીટી સુધી લઈ જાય છે અને યોગથી ઈચ્છાશક્તિ મજબુત થાય છે. યોગથી આપણને અનુભૂતિ થાય છે કે આપણી વિચારશક્તિ, આંતરિક સામર્થ્ય કેટલું વધારે છે, વિશ્વની કોઈપણ મુશ્કેલી આપણને તોડી શકતી નથી. ત્યારબાદ યોગના અલગ-અલગ આસનો અને પ્રાણાયામને પ્રેકટિકલી કરી, યોગ કરાવાની પ્રક્રિયાનું વિગતે વર્ણન કરવામાં આવ્યું હતું અને સમગ્ર સ્ટાફને યોગ કરવાની સાચી રીત શીખવી હતી.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, ડાયરેકટર પ્રો. રવિકુમાર, સમગ્ર કોલેજના પ્રિન્સિપાલશ્રીઓએ આ કાર્યક્રમની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આયોજન સંસ્થાના પ્રાધ્યાપક અને એન.એસ. એસ.ના ઈન્ચાર્જ ડૉ. નિલેશ પટેલે અને તેની સમગ્ર ટીમે કર્યું હતું.

●●●

**સરસ્વતી ફાર્મસી કોલેજ, ધણપ ખાતે વિશ્વ યોગ દિવસ ઉજવાયો**



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ – ૨૦૨૧ ના અંતર્ગત સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધણપ, ગાંધીનગર દ્વારા ઓનલાઈન વિશ્વ યોગ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોરોના કાળમાં તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સુખાકારી રહે તેવા ઉમદા હેતુ સાથે અને ઘરે સલામત રહીને યોગ થઈ શકે તેવી રીતે ઓનલાઈન કાર્યક્રમ યોજાયો હતો જેમાં દરેકે સક્રિયપણે ભાગ લીધો હતો, લગભગ ૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. બધા સહભાગીઓ ફેસબુક અથવા ઈન્સ્ટાગ્રામ પર #yogaatsips અને #DoYogaBeatCorona હેશટેગ સાથે ફોટા શેર કર્યા હતા. COVID-૧૯ ના સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં આ પ્રકારની ઈવેન્ટ સ્વાસ્થ્યમાં સુધારો કરે છે અને વ્યક્તિમાં રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે, તેથી સંસ્થા દ્વારા કરવામાં આવેલી ખૂબ જ ફળદાયી પ્રવૃત્તિ હતી અને તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ, યોગ જે ભારત દેશની વિશ્વને ભેટ છે તેને ખૂબ જ આનંદ સાથે માણી હતી.

●●●

**એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં ઓનલાઈન યોગ દિવસની ઉજવણી**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાથમિક શાળામાં ૨૧મી જુને 'વિશ્વ યોગ દિવસ' નિમિત્તે ઓનલાઈન શાળાની વિદ્યાર્થીનીઓ સાથે યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી તેમાં શાળાના ધોરણ ૭ અને ૮ની કુલ ૧૭૦ વિદ્યાર્થીની બહેનો જોડાઈ હતી. શાળાના આચાર્ય નિરુબેને માનસિક તંદુરસ્તી માટે યોગ, કસરતો અને પોષણયુકત આહારની ઉપયોગિતા વિષે માર્ગદર્શન પુરું પાડયું હતું.

●●●

**એસ.એસ.વી. શાળામાં યોગ દિવસ ઉજવાયો**

ગાંધીનગરમાં આવેલી એસએસવી શાળામાં શિક્ષકોએ યોગ




ગુરુ દ્વારા યોગ વિશેની માહિતી મેળવી અને અલગ અલગ યોગાસન કર્યા હતા. તેજ રીતે કોરોનાના કારણે ઘરે રહીને ઓનલાઈન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ઘરે રહીને યોગા કર્યા હતા. અને દરરોજ સવારે યોગાભ્યાસ કરવાનો સંકલ્પ કર્યો હતો.

●●●

**બીએસએફ કેમ્પસ ખાતે યોગ દિવસની ઉજવણી**



ગાંધીનગરના ચિલોડા રોડ પરના બીએસએફ કેમ્પસ ખાતે ગુજરાત ફ્રન્ટિયર એકમ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આઈજી જી.એસ. મલિક સહિત અધિકારીઓ અને સીમા સુરક્ષા કર્મીઓ જોડાયાં હતા. આ ઉપરાંત ''બાવા'' દ્વારા પ્રહરી સંગીનીઓ પણ પોતાના ઘરે યોગ કરીને ઉજવણીમાં જોડાઈ હતી. બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર હસ્તકની તમામ ચોકીઓ પર પણ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

●●●

**૭ મા ઈન્ટરનેશનલ યોગ દિનની ઉજવણી**

''યોગ એ આપણી સંસ્કૃતિની ધરોહર છે'' યોગસેવક શીશપાલજીનું સ્વપ્ન છે કે ''બસ હવે એક જ વાત યોગમય બનશે ગુજરાત''ના અંતર્ગત આજનો ૭ મો ઈન્ટરનેશનલ યોગાદિન યોગ ટ્રેનર ગાયત્રીબેન એસ. પટેલના સાનિધ્યમાં સદ્ભાવના ગાર્ડન, સેક્ટર-૬ માં જાયન્ટસ સાહેલી બહેનો, બાળકો તથા સેક્ટર-૨૬ ની બહેનો સાથે મળીને ઉજવ્યો હતો.

●●●

**પરબત અલી બ્રિગેડ આર્મી કેમ્પ, ચિલોડા**





વિશ્વ યોગ દિને પતંજલિ યોગ સમિતિના ગાંધીનગર જિલ્લા પ્રભારી યોગાચાર્ય શ્રી કાનજીભાઈ તથા માનસ યોગ સેવા ટ્રસ્ટના યોગીઓ દ્વારા ચિલોડા ખાતે પરબત અલી બ્રિગેડ આર્મી કેમ્પમાં જવાનોને યોગ નિદર્શન સેવા પુરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે કેમ્પના ચીફ બ્રિગેડિયર, અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં જવાનો જોડાયાં હતા.

●●●

**સેકટર-૫ યોગ પરિવાર**

ગાંધીનગરના સેકટર-૫માં છેલ્લા આઠ વર્ષથી જાહેર બગીચામાં ચાલુ યોગ શિબિરના પરિવાર દ્વારા ખોડીયાર મંદિરના પટાંગણમાં



વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે યોગ-પ્રાણાયામનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સુરેન્દ્રસિંહ વાઘેલા દ્વારા યોગાસન કરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પમુખ કેશરીસિહ બિહોલા સહિત પ્રો.નટુભાઈ પટેલ, મુળસિંહ ચાવડા, જે વી પટેલ, મહેન્દ્રભાઈ નાયી, પી વી જેઠવા, વાસુદેવભાઈ સુથાર, વિનોદભાઈ ભટ્ટ, પ્રિતેશભાઈ વ્યાસ, નરેશભાઈ પરમાર, રસીકભાઈ ગજ્જર, સોરઠીયા ભાઈ, ઈશ્વરભાઈ પ્રજાપતિ ઉપરાંત નાગરિકો જોડાયાં હતા.

●●●

**સેકટર -૩ ન્યુ વસાહત મંડળ**

ગાંધીનગરના સેકટર-૩ન્યુ ખાતે વસાહત મંડળ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વસાહતી અગ્રણીઓ જોડાયાં હતા. કાર્યક્રમના આયોજન માટે પી. એસ. નાયર, જ્યોતિબેન લખતરિયા, કોકીલાબેન ભટ્ટ, સોનીભાઈ, શરદ પટેલ, રાજુભાઈ પટેલ, કાંતિ શ્રીમાળી સહિત સે.૩ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજાએ જહેમત ઉઠાવી હતી.